# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત- ૩૯૫૦૦૧

:-૦૨૬૧-૨૬૬૨૯૦૨ :- suratdeo@gmail.com

Web :-www.suratdeo.org


ક્રમાંક: મા-૭/FRC/પરિપત્ર/૨૦૨૫/ 1021

તા.૨૨/૦૮/૨૦૨૫

પ્રતિ,

સંચાલક/આચાર્યશ્રી,

ખાનગી પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ,

સુરત, જિ-સુરત.

આ સાથે સામેલ ફી નિયમન સમિતિ સુરત ઝોનના તા.૨૨/૦૮/૨૦૨૫ના પત્ર ક્રમાંક: ૩૦૯૪ની જાણ તથા અમલવારી સારૂ.

ચીફ કોર્ડીનેટર

ફી નિયમન સમિતિ,

સુરત ઝોન, સુરત

અને

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત, જિ-સુરત

# Fee Regulatory Committee- Zone: Surat

EC-102, FRC કચેરી, ડિગ્રી વિભાગ, ડૉ. એસ. & એસ. એસ. ગાંધી એન્જિનિયરીંગ કોલેજ,

મજુરાગેટ, સુરત – ૩૯૫૦૦૧.

E-Mail: frcsuratzone2017@gmail.com


જાવક નં. ૩૦૧૫
તા. ૨૨/૦૮/૨૦૨૫

પ્રતિ,

આચાર્યશ્રી/પ્રમુખશ્રી

ફી નિયમન સમિતિ સુરત ઝોનના

તાબા હેઠળ આવતી તમામ

સ્વનિર્ભર શાળાઓ.

વિષય : શાળાની ફી નિર્ધારણ માટેની દરખાસ્ત બાબત.

ઉપરોક્ત વિષય અનવ્યે જણાવવાનું કે, ગુજરાત સ્વ નિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ અને નિયમો – ૨૦૧૭, અન્વયે, તમામ સ્વનિર્ભર શાળા દ્વારા ફી નિર્ધારણ કરવા અંગેની દરખાસ્ત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરીએ જમા કરવાની રહેશે. શાળા દ્વારા સીધી ફી નિયમન સમિતિ, સુરત ઝોનમાં રજુ કરેલી દરખાસ્ત સ્વીકારવામાં આવશે નહિ. દરખાસ્ત સાથે રજુ કરવાના દસ્તાવેજો બાબતની સૂચના આ સાથે સામેલ છે જેનું શાળા દ્વારા ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. શાળા દ્વારા રજુ કરવામાં આવેલ દરખાસ્તની ચકાસણી કરી ચકાસણી અંગેનું પ્રમાણપત્ર જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી દ્વારા આપ્યા બાદ આ દરખાસ્ત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી કચેરી મારફત ફી નિયમન સમિતિ, સુરત ઝોનને

તમામ શાળાને જાણ કરીએ તથા સુરત ઝોનના DEO/DPEO શ્રીને જાણ કરીએ.
૨૮/૮/૨૫.

પહોંચતી કરવાની રહેશે. અધુરી દરખાસ્ત ફી નિયમન સમિતિ ખાતે સ્વીકારવામાં આવશે નહિ જેની નોંધ લેશો.

બિડાણ:

- શાળાઓ માટેની દરખાત રજુ કરવાની સૂચના.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી માટેનું ચેકલીસ્ટ.

અધ્યક્ષ
ફી નિયમન સમિતિ,
સુરત ઝોન.

નકલ રવાના,(જાણ અને અમલ સારૂ)
જિલ્લા શિક્ષણાધિકારી તથા
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ની કચેરી,
સુરત, વલસાડ, ભરૂચ, નવસારી,
તાપી, ડાંગ, નર્મદા.

| દરખાસ્ત અજુ કરવા શાળા માટેની સૂચના | |
|---|---|
| 1 | કોઈ પણ સંજોગોમાં અધુરી દરખાસ્ત સ્વીકારવામાં આવશે નહિ. |
| 2 | દરખાસ્ત ફાઈલ શાળાના UDISE NO. પ્રમાણે મુકવી. |
| 3 | દરખાસ્ત ફાઈલમાં નીચેની અનુક્રમણિકા મુજબના દસ્તાવેજો જે-તે ક્રમ મુજબ મુકવાના રહેશે. |
| 4 | દરખાસ્તની ફાઈલમાં દરેક લખાણવાળા પાના પર લાલ સાહી વાળી પેનથી પાના નંબર આપવા. |
| 5 | ફાઈલના દરેક પાના પર જવાબદાર વ્યક્તિના સહી અને સિક્કા હોવા ફરજીયાત છે. |
| 6 | જો નીચેના તમામ માંથી કોઈ પણ પુરાવા શાળાને લાગુ પડતા ન હોય અથવા તેઓ ક્યારેય/કાયમી માટે જમા કરાવી શકે તેમ ન હોય તો તેના સ્થાને તે અંગેની બાહેધરી આપવી |
| 7 | દરખાસ્ત ફાઈલ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરીમા રજુ કરાવવાની રહેશે. જિલ્લા શિક્ષણાધિકારી કચેરી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરી મારફતે આપની દરખાસ્ત ફાઈલ ફી નિયમન સમિતિ, સુરત ઝોન ખાતે પહોચતી કરવામાં આવશે. જો કોઈ શાળા દ્વારા ફી નિયમન સમિતિ, સુરત ઝોન સમક્ષ દરખાસ્ત ફાઈલ રજુ કરવામાં આવશે તો તે સ્વીકારવામાં આવશે નહિ જેની નોંધ લેશો. |

## અનુક્રમણિકા

| ક્રમ | વિગત | પરિશિષ્ઠ | પેજ.નં |
|---|---|---|---|
| 1 | ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી અધિનિયમ) નિયમો ૨૦૧૭ ના નિયમ ૬ (૧) મુજબ શાળાના લેટર પેડ ઉપર ફોરવર્ડીંગ | | |
| 2 | શાળાનું માહિતી ફોર્મ (બિડાણ મુજબ) | | |
| 3 | અગાઉના(પાછળના) વર્ષોના ફી બાબતે ફી નિયમન સમિતિ દ્વારા અપાયેલ તમામ ઓર્ડરોની નકલ રજૂ કરવાની રહેશે. | | |
| 4 | ચલણ (૧૦૦૦/રૂપિયાનું SBI બેંકની કોઈપણ શાખામાં ભરવાનું રહેશે. ) | | |
| 5 | દરખાસ્ત મુકવા અંગેનો ટ્રસ્ટનો ઠરાવ | | |
| 6 | દરખાસ્ત ફાઈલમાં AFFIRMATION અને UNDERTAKING કરનાર વ્યક્તિ ટ્રસ્ટના સભ્ય(ટ્રસ્ટી) હોય તો અદ્યતન PTR ની નકલ ફરજીયાત રજુ કરવાની રહેશે. જો દરખાસ્ત ફાઈલમાં AFFIRMATION અને UNDERTAKING કરનાર વ્યક્તિ ટ્રસ્ટના સભ્ય(ટ્રસ્ટી) ન હોય તો તે વ્યક્તિને ટ્રસ્ટે આ બાબતે અધિકૃત કર્યા અંગેનો ટ્રસ્ટનો ઠરાવ રજુ કરવાનો રહેશે. | | |
| 7 | એનેક્ષર-૧ નિયમ ૬ (છ) મુજબ બાહેધરી અને પ્રતિજ્ઞા (૩૦૦ રૂપિયાના સ્ટેમ્પ પેપર ઉપર નોટરીની સહિ/સિક્કા સાથે ) | | |
| 8 | ફોર્મ નં. ૨ (વિગતો વધારે હોય અને જો ફોર્મ નંબર -૨ મા રજુ કરવી શક્ય ન હોય તો આવી વિસ્તૃત વિગતોનાં અલગથી એનેક્ષર રજુ કરવાના રહેશે. જે ફોર્મ નંબર -૨ પછી મુકવાના રહેશે.) | | |

| ક્રમ | વિગત | પરિશિષ્ઠ | પેજ.નં |
|---|---|---|---|
| 9 | જે-તે વર્ષની દરખાસ્તના ૩ વર્ષના પ્રપોઝ ફી સ્ટ્રક્ચર | | |
| 10 | શાળા દ્વારા વધારાની ફી લઇ વિદ્યાર્થીઓને અન્ય સુવિધા તથા એક્સ્ટ્રા એક્ટીવીટી આપવામાં આવતી હોય તો તેનું આપવામાં આવતી સુવિધા અને ધોરણ પ્રમાણે ફીનું પત્રક. જો આવી કોઈ સુવિધા શાળા દ્વારા આપવામાં ન આવતી હોય તો તે અંગેની બાહેંધરી રજુ કરવી. | | |
| 11 | શાળા દ્વારા વન ટાઈમ ડીપોઝીટ કે સિક્યુરીટી ડીપોઝીટ હેઠળ ઉઘરાવામાં આવેલ ફી ની વિગતો. | | |
| 12 | દરખાસ્તના તમામ વર્ષના આવક અને જાવકના કામચલાઉ (પ્રોવિઝનલ) હિસાબો | | |
| 13 | દરખાસ્ત કરેલ ફીનું વર્ગીકરણ ( દરખાસ્ત કરેલ ફી માં કઈ કઈ ફી નો સમાવેશ થાય છે) | | |
| 14 | અગાઉના(પાછળના) બે વર્ષની વિદ્યાર્થી સંખ્યા | | |
| 15 | અગાઉના(પાછળના) વર્ષમાં ઉઘરાવેલ ફીની ધોરણ પ્રમાણે બે-બે રસીદની નકલ | | |
| 16 | આપની શાળામાં ધોરણ પ્રમાણે મફત પ્રવેશ મેળવી અભ્યાસ કરનાર વિદ્યાર્થીની સંખ્યાનું પત્રક | | |
| 17 | દરખાસ્ત જે તારીખે રજુ કરવામાં આવે છે તે વર્ષ તથા અગાઉના(પાછળના) એક વર્ષના શાળાના શૈક્ષણિક સ્ટાફના નામ, શૈક્ષણિક લાયકાત, હોદ્દો, બેંક ખાતા, તેમને ચૂકવાયેલ પગારની, અનુભવની વિગત તથા શાળાનું પગારનું રજીસ્ટર. | | |
| 18 | દરખાસ્ત જે તારીખે રજુ કરવામાં આવે છે તે વર્ષ તથા અગાઉના(પાછળના) એક વર્ષના શાળાના બિનશૈક્ષણિક સ્ટાફના નામ, શૈક્ષણિક લાયકાત, હોદ્દો, બેંક ખાતા, તેમને ચૂકવાયેલ પગારની, અનુભવની વિગત તથા શાળાનું પગારનું રજીસ્ટર. | | |
| 19 | દરખાસ્ત જે તારીખે રજુ કરવામાં આવે છે તે વર્ષ તથા અગાઉના(પાછળના) એક વર્ષના શાળાના શિક્ષકો તથા અન્ય સ્ટાફના શાળા દ્વારા ચુકવવામાં આવતા પગાર અંગેનું બેંક દ્વારા બેંકના લેટરહેડ પર આપવામાં આવેલું પ્રમાણપત્ર | | |
| 20 | દરખાસ્ત રજુ કર્યાની તારીખના અગાઉના(પાછળના) છ મહિનાનું બેંક સ્ટેટમેન્ટ | | |
| 21 | જે-તે વર્ષની દરખાસ્તના અગાઉના(પાછળના) ૩ વર્ષના ઓડીટ રિપોર્ટ | | |
| 22 | સી.એ. ના સહી સિક્કા વાળા શાળા/ટ્રસ્ટના ફોર્મ 26[AS], 26[Q] and 24[Q] ની નકલ | | |
| 23 | ટ્રસ્ટ/ કંપની રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર | | |
| 24 | શાળાનું અગાઉના(પાછળના) વર્ષનું UDISE ફોર્મ | | |
| 25 | શાળાનાં તમામ મંજુરી પત્ર | | |
| 26 | મિલકત વેલ્યુએશન રિપોર્ટ ( જો શાળાનું મકાન માલિકીનું હોય તો ) | | |
| 27 | જો શાળાનું મકાન/મેદાન ભાડાનું હોય તો રજીસ્ટર ભાડાકરાર | | |
| 28 | શાળાના બિલ્ડીંગના પ્લાનની કોપી | | |

(૨/૩)

| ક્રમ | વિગત | પરિશિષ્ઠ | પેજ.નં |
|---|---|---|---|
| 29 | જમીન મકાનની માલિકી બાબતની વિગત સાથે પુરાવા ( જો શાળાની જમીન માલિકીની હોય તો) | | |
| 30 | પ્લે ગ્રાઉન્ડના માપ/વિસ્તારની માહિતી | | |
| 31 | શાળાના ભૌતિક સુવિધાના ફોટા | | |

અધિકૃત વ્યક્તિની સહી :

અધિકૃત વ્યક્તિનું નામ :

અધિકૃત વ્યક્તિનાં હોદ્દાનો સિક્કો :

# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરી માટેનું ફી નિર્ધારણ અંગેની દરખાસ્તનું ચેક લીસ્ટ

શાળાનો UDISE NO. :

શાળાનું નામ :

સરનામું :

ટ્રસ્ટ નું નામ :

દરખાસ્ત કર્યા તારીખ :

| ક્રમ | વિગત | ફી નિયમન સમિતિની સૂચના મુજબ રજુ કરેલ છે હા/ના | રીમાર્કસ |
|---|---|---|---|
| 1 | ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી અધિનિયમ) નિયમો ૨૦૧૭ ના નિયમ ૬ (૧) મુજબ શાળાના લેટર પેડ ઉપર ફોરવર્ડીંગ | | |
| 2 | શાળાનું માહિતી ફોર્મ (બિડાણ મુજબ) | | |
| 3 | અગાઉના(પાછળના) વર્ષોના ફી બાબતે ફી નિયમન સમિતિ દ્વારા અપાયેલ તમામ ઓર્ડરોની નકલ રજૂ કરવાની રહેશે. | | |
| 4 | ચલણ (૧૦૦૦/રૂપિયાનું SBI બેંકની કોઈપણ શાખામાં ભરવાનું રહેશે.) | | |
| 5 | દરખાસ્ત મુકવા અંગેનો ટ્રસ્ટનો ઠરાવ | | |
| 6 | દરખાસ્ત ફાઈલમાં AFFIRMATION અને UNDERTAKING કરનાર વ્યક્તિ ટ્રસ્ટના સભ્ય(ટ્રસ્ટી) હોય તો અદ્યતન PTR ની નકલ ફરજીયાત રજુ કરવાની રહેશે. જો દરખાસ્ત ફાઈલમાં AFFIRMATION અને UNDERTAKING કરનાર વ્યક્તિ ટ્રસ્ટના સભ્ય(ટ્રસ્ટી) ન હોય તો તે વ્યક્તિને ટ્રસ્ટે આ બાબતે અધિકૃત કર્યા અંગેનો ટ્રસ્ટનો ઠરાવ રજુ કરવાનો રહેશે. | | |
| 7 | એનેક્ષર-૧ નિયમ ૬ (છ) મુજબ બાહેધરી અને પ્રતિજ્ઞા (૩૦૦ રૂપિયાના સ્ટેમ્પ પેપર ઉપર નોટરીની સહિ/સિક્કા સાથે ) | | |
| 8 | ફોર્મ ન. ૨ (વિગતો વધારે હોય અને જો ફોર્મ નબર -૨ મા રજુ કરવી શક્ય ન હોય તો આવી વિસ્તૃત વિગતોનાં અલગથી એનેક્ષર રજુ કરવાના રહેશે. જે ફોર્મ નંબર -૨ પછી મુકવાના રહેશે.) | | |
| 9 | જે-તે વર્ષની દરખાસ્તના ૩ વર્ષના પ્રપોઝ ફી સ્ટ્રક્ચર | | |
| 10 | શાળા દ્વારા વધારાની ફી લઇ વિદ્યાર્થીઓને અન્ય સુવિધા તથા એક્સ્ટ્રા એક્ટીવીટી આપવામાં આવતી હોય તો તેનું આપવામાં આવતી સુવિધા અને ધોરણ પ્રમાણે ફીનું પત્રક. જો આવી કોઈ સુવિધાં શાળા દ્વારા આપવામાં ન આવતી હોય તો તે અંગેની બાહેંધરી રજુ કરવી. | | |

(1/3)